# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

1. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને વોકેશનલ શિક્ષણના વિષયો માટે કેન્દ્ર સરકારની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેનીંગ પાસેથી **"Awarding Body (AB)"** તરીકે દરજ્જો મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવા મંજૂરી આપવામાં આવેલ છે.
2. ભારત સરકારે કૌશલ્ય શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમની ગુણવત્તા વધારવા માટે **NCVET (National Council for Vocational Education and Training)** ની સ્થાપના કરેલ છે. આમ, **NCVET** રાષ્ટ્રીય સ્તરે વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમનું નિયમન કરવા માટે મહત્વપૂર્ણ સંસ્થા છે.
3. **National Council for Vocational Education and Training (NCVET)** વિવિધ સંસ્થાઓને **Awarding Body (AB)** તરીકે માન્યતા આપે છે. **Awarding Body** એવી સંસ્થા છે જે **NSQF** મુજબ તાલીમાર્થીઓનું મૂલ્યાંકન કરીને તેમને પ્રમાણપત્ર આપી શકે છે. **NCVET** દ્વારા માન્યતા મળ્યા પછી સંસ્થા તાલીમ, મૂલ્યાંકન અને પ્રમાણપત્ર આપવાનું કાર્ય કરી શકે છે. આમ, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ **NCVET**ની માન્યતા મેળવી **"Awarding Body (AB)"** તરીકે કાર્ય કરશે.
4. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર શાળાઓમાં કૌશલ્ય શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે **Awarding Bodies** ની ભૂમિકા મહત્વપૂર્ણ છે. જેમાં વિદ્યાર્થીઓને વોકેશનલ શિક્ષણ હેઠળના જુદા જુદા વિષયોમાંથી પોતાની પસંદગીના વિષયમાં કૌશલ્યોનો વિકાસ કરવા માટે તક મળશે.
5. **NCVET** દ્વારા માન્યતા પ્રાપ્ત **Awarding Body (AB)** ને સમગ્ર દેશમાં માન્ય કૌશલ્ય આધારિત પ્રમાણપત્રો પ્રદાન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આવા પ્રમાણપત્રોથી વિદ્યાર્થીઓને રોજગારની તકો તેમજ ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવામાં વિશેષ લાભ મળે છે.

આમ, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને **Awarding Body (AB)** તરીકેનો દરજ્જો પ્રાપ્ત થવાથી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે માન્ય કૌશલ્ય આધારિત પ્રમાણપત્રો ઉપલબ્ધ થશે. પરિણામે રાજ્યમાં કૌશલ્ય શિક્ષણની ગુણવત્તામાં વધારો થશે અને વિદ્યાર્થીઓ વધુ સક્ષમ તથા રોજગારલક્ષી બનશે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ :- ૨૫/૦૬/૨૦૨૬
સ્થળ :- ગાંધીનગર.